


વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં એમ ફરમાવતા હતા કે "તું પરમાત્મા છો–એમ નક્કી કર." — પૂજ્ય ગુરુદેવ

કહાન સવંત–૬ (૫૧૩) ❋ આત્મધર્મ ❋ (અંક : ૧ વર્ષ : ૪૩) વીર સં. ૨૫૧૨ જુલાઈ, ૧૯૮૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકારક અને નિરુપદ્રવ છે તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, લોકાનુપ્રેક્ષા, ગાથા-૨૮)

* જન્મ-મરણ એ જેના માત-પિતા છે, આધિ-વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે!

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૧)

* હે નાથ! આપની સ્તુતિ-પૂજન કરવાથી આરંભ આદિ વડે થોડું પાપ અવશ્ય થાય છે; પરંતુ જેમ શીતળ તથા કલ્યાણકારી જળથી ભરેલા મહાસાગરને વિષનું એક ટીપું ખરાબ કરી શકતું નથી તેમ જિનપૂજનના પુષ્કળ પુણ્યરાશિ પાસે તે અલ્પ પાપ અફળ બની જાય છે.

(શ્રી સંમતભદ્ર આચાર્ય, બૃહદ સ્વયંભૂસ્તોત્ર, શ્લોક-૫૮)

* આગમમાં નિરંતર લાગેલી બુદ્ધિ મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરવામાં દૂતી સમાન છે તેથી ભવભીરૂ ભવ્ય જીવોએ યત્નપૂર્વક પોતાની બુદ્ધિ શાસ્ત્રના અધ્યયન-શ્રવણ-મનન આદિમાં લગાવવી જોઈએ.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૮, શ્લોક-૭૬)

* જેમ અનેક વીંછી એક સાથે ડંખીને પ્રાણીઓને પીડે છે તેમ વિકલ્પો આત્માને પીડે છે. તેથી તે વિકલ્પો વિદ્યમાન છે ત્યાં સુધી સુખ કેવી રીતે થાય? અર્થાત્ જ્યાં વિકલ્પો છે ત્યાં સુખ નથી.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૧૬, શ્લોક-૧૦)

---

કહાન
સવંત – ૬
વર્ષ – ૪૩
અંક–૧
[ ૫૧૩ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સવંત
૨૫૧૨
A. D. 1986
JULY

# ※ વિકલ્પજાળ છોડીને સ્વભાવનું લક્ષ કર! ※

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં–૪૧ )

શ્રી યોગીન્દ્રદેવકૃત યોગસાર શાસ્ત્ર ચાલે છે. યોગસારનો અર્થ એવો છે કે આત્માનું જે વાસ્તવિક સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવાની ક્રિયાને અહીં યોગસાર કહે છે.

અનાદિથી જીવ પુણ્ય-પાપ અને રાગ-દ્વેષમાં જોડાણ કરતો આવ્યો છે તે દુઃખ છે, સંસાર છે, તેનાથી વિપરીત પોતાના કાયમી–ત્રિકાળી સ્વરૂપમાં એકાકાર થવાની ક્રિયાને યોગસાર કહે છે અને તેને જ મોક્ષમાર્ગ કહેવાય છે.

હવે અહીં ૯૭મી ગાથામાં મુનિરાજ અનંત સુખ અથવા પરમ સમાધિ સુખનું સાધન બતાવે છે.

તજી કલ્પના જાળ સૌ, પરમ સમાધિલીન,
વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.

જુઓ! અહીં સર્વ વિકલ્પને છોડવાની વાત કરી છે. આત્મા પોતાના આનંદ, જ્ઞાનાદિ અનંત શુદ્ધ સ્વભાવથી કદી રહિત થયો નથી, છતાં અનાદિથી એની દશામાં રાગના વિકલ્પો—પુણ્ય-પાપની વાસના છે તેને છોડવાની વાત છે. સ્વભાવથી આત્મા કદી ખાલી થયો નથી તે હકીકત છે; પણ દશામાં અનાદિથી શુદ્ધ છે એમ નથી. શુદ્ધ જ હોય તો તો શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવાનો રહેતો જ નથી, પણ પોતે જ પોતાના

સ્વભાવને ભૂલીને પર તરફ લક્ષ કરીને અનેક પ્રકારના શુભાશુભ ભાવોની દુઃખરૂપ દશા પોતે ઊભી કરે છે.

જેને પોતાના આત્માની દયા આવે છે કે અરે! હું અનંતકાળથી રખડી રહ્યો છું. હવે તો મારે મારું હિત કરવું છે–એમ જેને અંદરથી ભાવના જાગે તેને એમ થાય કે હું તો એક આત્મા છું, મારે આ ચાર ગતિના પરિભ્રમણ કેવા? આ સંસાર તો અનંત દુઃખમય છે, તેમાં રહેવું મને શોભતું નથી. આવી જેને ભાવના જાગી છે તેને મુનિરાજ કહે છે તું પહેલાં શુભાશુભ વિકલ્પ જાળનું લક્ષ છોડી દે અને અનંત આનંદ, શાંતિ અને સમાધિથી ભરપૂર નિજ વસ્તુસ્વભાવનું લક્ષ કર! તેનો વિશ્વાસ કર! તેનું સમ્યગ્દર્શન પ્રગટ કર!

જે અનાદિથી વિકારમાં જ એકત્વ અને સુખ માનતો હતો તેણે હવે ગુલાંટ મારી અને મારાં સ્વભાવમાં જ શાંતિ, આનંદ અને સુખ છે એમ જેણે નક્કી કર્યું તેને એમ લાગે છે કે મારાં સ્વભાવના સ્વાદ પાસે વિકારનો બધો સ્વાદ ફીક્કો છે. આમ સ્વભાવની દૃષ્ટિ થતાં જે જીવ વિકલ્પને છોડીને સ્વભાવમાં સ્થિર થાય છે તે પરમ સમાધિ અને શાંતિ પ્રાપ્ત કરે છે.

વસ્તુનો સ્વભાવ સદા નિર્દોષ હોય. સદોષતા તો પર્યાયમાં હોય. સ્વભાવ તો નિર્દોષ કહો, સમાધિ સ્વરૂપ કહો કે વીતરાગ સમરસ સ્વરૂપ કહો, તેવા સ્વભાવનો અનુભવ કરવાથી જીવ આત્માના આનંદને પ્રાપ્ત કરે છે.

અહીં તો ભાઈ! રોકડિયો ધંધો છે. જે કાળે સ્વભાવની દૃષ્ટિ કરે તે જ કાળે સ્વભાવનો અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે અને સ્વભાવથી વિપરીત પરદ્રવ્ય તરફ લક્ષ કરે છે તે કાળે જ તેને વિકારના દુઃખનું વેદન થાય છે. પછી કર્મ બંધાય અને તેનું ફળ મળે એ તો બધી બહારના સંયોગની વાત છે. સમયસારની ૧૦૨ ગાથામાં આવે છે કે 'જે સમયે કર્તા તે જ સમયે જીવ ભોક્તા છે.'

શ્રોતા :– આપ કહો છો કે જીવના ભાવનું ફળ રોકડિયું છે પણ અમે તો જોઈએ છીએ કે લોકો ભજિયાં, પતરવેલિયાં, લાડવા ખાતા હોય અને લ્હેર કરતાં હોય છે. તે ભાવ તો અશુભ છે તો તેને દુઃખ કેમ થતું નથી?

પૂજ્ય ગુરુદેવ :– અરે! એ લ્હેર કરતાં ભલે દેખાય પણ એ દુઃખ જ છે, પણ તેનું તેને ભાન નથી. જેટલું પરલક્ષ છે તેટલું દુઃખ જ છે. એ દુઃખદાવાનળની વિકલ્પજાળને છોડીને સ્વભાવનું લક્ષ કરે તેને જ સમરસ અને શાંતિ છે, સુખ છે, તેને જ ધર્મ પ્રગટ થયો કહેવાય. કહ્યું છે કે...

ભટકંત દ્વાર દ્વાર લોકન કે, કુકર આશા ધારી,
આતમ અનુભવ રસકે રસિયા, ઊતરે ન કબહૂ ખુમારી,
આશા ઔરનકી કયા કીજે? જ્ઞાન સુધારસ પીજે...

કૂતરો બટકું રોટલાં માટે ઘેર ઘેર ભટકે છે તેમ આ અજ્ઞાની મને કાંઈક સુખ આપોને! એમ કરી બાયડી, છોકરા, ધન આદિ પાસે કૂતરાની જેમ ભટકે છે. તેને કહે છે ભાઈ! તું જ્ઞાનરસનો પિંડ છો, આનંદનો સાગર છો તેનો તું સ્વાદ લે, જ્ઞાનરસ પી!

અરે! અજ્ઞાની જીવો સવારમાં હાથમાં દાંતિયો લઈને માથું ઓળતો હોય અને અરીસો સામે રાખીને જોતો જાય. જાણે આ શરીર સારું લાગે તો મને સુખ થાય. કોઈ મને સારો કહીને માન દે તો મને સુખ થાય. આહાહા!...ભગવાન તું કયાં ભટકયો? સુધારસનો સાગર તો તું પોતે છો! તેમાં ડૂબકી મારવી છોડીને, આ તું કયાં ડૂબ્યો? અહીં કહે છે કે પ્રભુ! એક વાર તો તું ગુલાંટ માર! આ બધાં વિકલ્પો છોડી સ્વભાવની દૃષ્ટિ કર તો તને અતીન્દ્રિય આનંદ આવશે. અહો! સમાધિના પિંડ થઈ ગયેલા એવા વીતરાગ ત્રિલોકીનાથની વાણીમાં આવેલી આ વાતો છે. એ જ મુનિ કહે છે. આ કાંઈ કોઈના ઘરની વાત નથી.

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા, વિલય થતાં નહિ વાર.

શ્રીમદ્‌ની આ છેલ્લી કડી છે. મોહ વિકલ્પથી આ સંસાર ઊભો થયો છે. અંતરદૃષ્ટિ કરતાં જ એ મોહનો નાશ થાય છે. શુભાશુભભાવો તારા સ્વભાવમાં નથી તેથી સ્વભાવ-દૃષ્ટિ કરતાં તેનો નાશ થયા વગર નહિ રહે.

આત્મા આનંદનું ધોકડું છે. શુભાશુભ વિકલ્પનો નાશ કરી સ્વભાવમાં લીન થતાં તે ધોકડામાંથી આનંદનો નમુનો તને મળશે. તેના ઉપરથી તને મોક્ષના પૂર્ણ સુખનો ખ્યાલ આવશે.

આ તો યોગસાર છે ને! સારમાં સાર વાત આમાં મૂકી છે. સુખી આત્મા જ પૂર્ણ સુખનું કારણ થાય છે. દુઃખી આત્મા સુખનું કારણ ન થાય. તેથી બહુ પરિષહ સહન કરવાથી નિર્જરા થાય એ વાત રહેતી નથી. પરિષહ સહન કર્યો તેમાં તો તને દુઃખ અને આકુળતા થઈ, તેનાથી નિર્જરા શી રીતે થાય? સુખી આત્મા જ પૂર્ણ સુખને સાધી શકે છે. સુખસ્વભાવી તો આત્મા ત્રિકાળ છે પણ તેની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા કરતાં જે સુખદશા પ્રગટ થાય છે તે પૂર્ણ સુખને સાધે છે.

છઢાળામાં આવે છે કે "આતમહિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખે આપકો કષ્ટદાન."

જે ચારિત્રને કષ્ટદાયક સમજે છે, વેળુના કોળિયા ચાવવા જેવું કઠણ સમજે છે, તેને ચારિત્રનું સ્વરૂપ સમજાણું જ નથી. ભાઈ! ચારિત્ર તો આનંદદાતા છે તેને તું દુઃખદાતા કલ્પે છે તો તું ચારિત્રનું સ્વરૂપ સમજ્યો જ નથી.

પ્રભુ! તારી પ્રભુતા તો તારી પાસે છે ને ભાઈ! એ પ્રભુતામાં આનંદની પ્રભુતા પણ તારી પાસે છે. તારે દુઃખદશાથી છૂટી સુખદશા પ્રગટ કરવી હોય તો સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર!

આત્મિક સુખ પ્રાપ્ત કરવાનો એક જ ઉપાય છે કે પોતાના સુખસ્વભાવી આત્મામાં નિર્વિકલ્પ સમાધિ પ્રગટ કરવી. પ્રથમ ગાઢ શ્રદ્ધા કરે કે 'હું જ સિદ્ધ સમાન શુદ્ધ છું' આ શ્રદ્ધા એવી હોય કે પછી ઇન્દ્ર નરેન્દ્ર કોઈ આવે અને ફેરવે તો શ્રદ્ધા ન ફરે.

મારો ભગવાન કદી મારા મહિમાવંત સ્વભાવથી ખાલી નથી. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા આદિ અનંતગુણોની અનંતતાથી ભરેલો હું મહિમાવંત પદાર્થ છું આવો દૃઢ વિશ્વાસ આવ્યા વિના તેમાં ઠરી શકાતું નથી. દૃઢ વિશ્વાસ આવે તે જ તેમાં ઠરી શકે છે. જેટલો તેમાં ઠરે તેટલો આનંદ પ્રગટ થાય છે.

પ્રથમ તો સ્વભાવની રુચિ ક્યારે થાય?—કે તે સ્વભાવ જ્યારે તેના જ્ઞાનમાં ભાસે ત્યારે આત્માની રુચિ થાય. જ્ઞાનદશામાં સ્વભાવનો ભાવ ભાસે ત્યારે જ વિશ્વાસ આવે અને ત્યારે જ આમાં ઠરવાથી મારું કલ્યાણ થશે એમ નક્કી થાય. વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું ભાવમાં ભાસન થયા વગર એટલે જ્ઞાનમાં ભાસ્યા વગર વિશ્વાસ ક્યાંથી આવે? માટે પહેલાં ભાવાભાસન થવું જોઈએ.

જ્ઞાનસ્વભાવ એટલે સર્વજ્ઞસ્વભાવ. સર્વજ્ઞભગવાને આ સ્વભાવ પર્યાયમાં પ્રગટ કરી લીધો છે અને મારે પર્યાયમાં તે પ્રગટ થયો નથી પણ સ્વભાવે તો હું પણ સર્વજ્ઞસ્વભાવી છું એમ અંતરથી ભાવભાસન થાય ત્યારે સાચી શ્રદ્ધા થાય છે અને સાચી શ્રદ્ધા થાય ત્યારે જ સાચું ચારિત્ર પ્રગટ થાય છે. એ વગરનું ચારિત્ર પણ સાચું હોતું નથી.

સમકિતીને સ્વાનુભવની કળા આવડી જાય છે. એકવાર જેણે ભગવાન આત્મામાં જવાની કેડી જોઈ લીધી તે ફરી ફરી જોયેલા માર્ગે જઈને સ્વભાવમાં રમણતા કરે છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતીને મુનિ જેટલો સમય ન મળે તોપણ થોડો વખત તો ધર્મી અનુભવની ધારાના માર્ગે જવાનો સમય કાઢીને સામાયિકનો અભ્યાસ કરે છે.

જેણે આત્માનો વાસ્તવિક આનંદ ચાખ્યો હોય તે રાગનો સ્વાદ આકુળતાસ્વરૂપ છે એમ મીંઢવણી કરી શકે; પણ જેણે આનંદનો સ્વાદ જ ચાખ્યો નથી એવો અજ્ઞાની રાગ આકુળતાસ્વરૂપ છે એમ મીંઢવણી-મેળવણી કરી શકતા નથી. તેથી આકુળતાને જ એટલે

કે રાગને જ પોતાનું સ્વરૂપ માને છે.

દિગંબર સંતોએ બહુ ટૂંકામાં ઘણો માલ ભરી દીધો છે, ચારિત્ર દ્વારા મૂળ સત્તાને અનુભવીને લખે છે ને! શાશ્વત માર્ગને જાતે અનુભવીને તેની વાત મુનિરાજ લખે છે. અહીં યોગીન્દ્રદેવે તત્ત્વાનુશાસનના શ્લોકનો આધાર આપ્યો છે કે જેને આત્માના ધર્મધ્યાનમાં આનંદનો અનુભવ થયો નથી તે મૂર્છાવાન અને મોહી છે, ક્યાંક મૂર્છાઈ ગયો છે, તેથી આત્માનો આનંદ આવતો નથી.

જેમ ઘરમાં પદમણી જેવી સ્ત્રી હોય પણ તેમાં મન ન લાગતું હોય તો તે સમજી જાય છે કે આનું મન બીજે ક્યાંક છે, અહીં મન જામતું નથી – એમ ઓળખી લે છે. તેમ અહીં કહે છે કે પરમાત્મા આનંદની મૂર્તિ છે તેનું જે ધ્યાન કરે છે પણ આનંદ નથી આવતો તો સમજી લેવું કે તે ક્યાંક મૂર્છાઈ ગયો છે. ક્યાંક પુણ્ય-પાપના પ્રેમમાં મૂર્છાઈ ગયો છે. જો ન મૂર્છાયો હોય તો ધ્યાન કરે અને આનંદ કેમ ન આવે? આવે જ. જે આત્માનું દર્શન, જ્ઞાન અને રમણતા કરે છે – એકાગ્રતા કરે છે તેને વચન-અગોચર એવો આત્મિક આનંદ આવે જ છે.

આહાહા...! પોતાના ઘરની ચીજ પોતે લે ત્યારે થાય તેવું છે, કોઈ આપી દે તેમ નથી.

અહીં કહે છે કે હે પંડિત! વીતરાગ ભગવાને આ ચાર પ્રકારના ધ્યાન કહ્યાં છે : (૧) પિંડસ્થ એટલે શરીરમાં રહેલા આત્માનું ધ્યાન કરવું તે, (૨) પદસ્થ એટલે પાંચ પદમાં રહેલાં પંચપરમેષ્ટીનો વિચાર કરીને અંતરમાં ધ્યાન કરવું, (૩) રૂપસ્થ એટલે અરિહંત પરમાત્માનું ધ્યાન કરવું તે અને (૪) રૂપાતીત એટલે રૂપથી રહિત સિદ્ધ ભગવાનનો વિચાર કરી અંતરમાં જવું તે. આ ચાર પ્રકારના ધ્યાન દ્વારા સ્વરૂપમાં એકાગ્ર થતાં જીવ અલ્પકાળમાં સિદ્ધ થઈ જાય છે. પરમાત્મપદને પ્રાપ્ત કરવાની આ કળા છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે જે ભાવથી, જે રૂપથી આત્મજ્ઞાની આત્માને ધ્યાવે છે તેમાં તે તન્મય થઈ જાય છે એટલે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ છે અને જ્ઞાનની મૂર્તિ છે એવા ભાવે જે આત્માનું ધ્યાન કરે છે તે તેમાં તન્મય થઈ જાય છે અર્થાત્ વર્તમાન-દશા ત્રિકાળભાવ સાથે તન્મય થઈ જાય છે. [ક્રમશઃ]

# પરની મમતા છોડીને સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કર!

[શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૩૪)

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. તેમાં ૨૯મી ગાથા ચાલે છે.

ક્યાં ભીતિ જ્યાં અમર હું, ક્યાં પીડા વણ રોગ?
બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્ગલ જોગ. ૨૯.

હું એક, શુદ્ધ, ધ્રુવ, અજર-અમર, અનાદિ-અનંત એક જીવવસ્તુ છું એવી દૃષ્ટિ રાખવાવાળા સમ્યગ્દૃષ્ટિ પોતાનું મરણ કે રોગાદિ કદી માનતા નથી.

જ્ઞાની એમ વિચારે છે કે અનંત જ્ઞાન-દર્શનથી ભરેલો હું એક છું, મારી ચીજ પરના મમત્વથી રહિત છે. શરીરની ક્રિયાઓ કે શુભાશુભભાવની ક્રિયાથી હું જુદો છું. હું જ્ઞાયક, ચિદાનંદ પ્રભુ એક સમયમાં અનંતી શક્તિ સહિત શુદ્ધ છું.

વળી જ્ઞાની વિચારે છે કે હું અનાદિ-અનંત અમર છું. મારા સ્વરૂપનું કદી મૃત્યુ થતું નથી. આનંદઘનજી કહે છે ને કે:

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત્વ દિયો તજ, કયોં કર દેહ ધરેંગે?
અબ હમ અમર ભયે ન મરેંગે...(૨).

જ્ઞાનીએ શરીર, વિકલ્પ, પુણ્ય-પાપ આદિ મારાં છે એવા વિપરીત અભિનિવેશરૂપ મિથ્યાત્વનો ત્યાગ કર્યો પછી તેને દેહ કયાંથી હોય? દેહનો જન્મ એ તો સંયોગી ચીજ છે. જીવના સ્વરૂપમાં દેહ ધરવાપણું છે જ નહિ. હું તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિત્ય વસ્તુ છું એવી જ્ઞાનીને શ્રદ્ધા હોવાથી મરણભય છૂટી ગયો છે.

પાંચ ઇન્દ્રિયપ્રાણ, શ્વાસોચ્છ્વાસ પ્રાણ, આયુષ્યપ્રાણ, શરીરપ્રાણ એ બધાં જડના પ્રાણ છે. એ મારાં પ્રાણ નહિ. મારાં પ્રાણ તો જ્ઞાન, આનંદ, શાંતિ અને સત્તા છે. હું તો અનાદિ અનંત જીવતર શક્તિથી જીવવાવાળો-જીવત્વશક્તિ સંપન્ન ભગવાન છું. મારાં પ્રાણોનો કદી નાશ થતો નથી અને જડપ્રાણો મારાં છે નહિ. તો તેના નાશથી મારો નાશ કેમ થાય? ન થાય.

જ્ઞાની કહે છે કે મારું પ્રાણત્યાગરૂપ મરણ કદી થતું નથી કેમ કે ચિત્શકિતરૂપ મારાં

ભાવપ્રાણનો વિચ્છેદ કદી થતો નથી. હું તો જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિસંપન્ન છું તેનો મારાથી કદી વિચ્છેદ થતો નથી. આમ, જ્યાં મારું મરણ જ નથી તો પછી મને કોનો ભય? "દુનિયાને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લ્હેર છે." મરણ પહેલાં જ જેણે દેહ અને આત્માની જુદાઈ જાણી લીધી તેને મરણનો ભય કેવો? શરીરનો તો સંયોગ છે, તેનો વિયોગ થાય છે, તેનાથી કાંઈ મારું જન્મ-મરણ નથી.

આમ, ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવને જન્મ-મરણ રહિત અસંગ જાણે છે અને અનુભવે છે. તો પછી જ્ઞાનીને મરણના કારણરૂપ કાળા નાગ આદિનો ભય કેમ હોય? સિંહ-વાઘ આદિ આવે તો ભલે આવે તે કોને ખાશે? હું તો અરૂપી છું, મારું ભક્ષણ કરવાવાળું તો જગતમાં કોઈ નથી. મારી શાશ્વત વસ્તુનો ખંડ, છેદ કે ભંગ કદી ત્રણ કાળમાં થતો નથી, તો મારે કોનો ભય! શ્રીમદ્જી કહે છે ને કે:

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતા છતાં આવી ભાવના ભાવતા હતા. લાખો રૂપિયાનો મોતીનો વેપાર હતો. ૭ વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયેલું પછી સમ્યગ્જ્ઞાન થયું ને ૩૩ વર્ષે તો દેહ છૂટી ગયો. તેમણે આ ભાવના ભાવી છે.

જેણે દેહથી ભિન્ન ચૈતન્યનો ધ્રુવ-તારો-અંતરમાં જોઈ લીધો છે, જાણી લીધો છે, અનુભવી લીધો છે એવા ધર્મીને મૃત્યુનો ડર કદી હોતો નથી. ધર્મીને અભિપ્રાયમાં દૃઢ થઈ ગયું છે કે હું તો જ્ઞાન-દર્શનાદિ અનંત ચૈતન્યપ્રાણથી જીવનારો છું. મારા ચૈતન્યમાં વિકલ્પ કે રાગનો પણ પ્રવેશ નથી તો બીજો તો કોણ મને ખાઈ જશે કે મારી નાખશે? ધર્મીને અંતરમાં આવો નીડરભાવ હોય છે.

ધર્મીને મૃત્યુભય નથી તેમ રોગભય પણ નથી. વાત્-પિત્ત-કફ આદિ રોગોથી ધર્મી ડરતા નથી. કેમ કે તે જાણે છે કે મારામાં પુદ્ગલ પર્યાયની વ્યાધિનો અત્યંત અભાવ છે.

સ્વભાવનો સંગ કરવાથી એટલે શુદ્ધ ચૈતન્યભાવનું લક્ષ કરવાથી પર્યાયમાં શાંતિ અને આનંદ મળે છે અને જેટલો પરસંગ છે—પરલક્ષ છે તેટલી આકુળતાના દુઃખસમૂહને ભોગવવો પડે છે. તે આત્માનો રોગ છે. અરે! જગતને પરસંયોગમાં કેમ આનંદ આવતો

હશે! ધર્મી તો આત્મામાં આનંદ માને છે, બહારમાં ક્યાંય આનંદ માનતા નથી. ભલે ને લાખ કરોડ રૂપિયા હોય તો પણ ધૂળ છે. જ્યાં શરીર જ ધૂળ છે તો ધન તો ધૂળ જ છે તેમાં આનંદ કેવો?

ગરમીમાં પિત્ત બહુ થાય ને! લોકો મૂંઝાય, પણ પ્રભુ! તારા સ્વરૂપની શાંતિમાં આ પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો? હું તો શાંતિનો સાગર છું એવી દૃષ્ટિવાળા ધર્મી મને પિત્ત થયું એમ માનતા નથી. જડની કોઈ પણ પર્યાયને ધર્મી પોતાની માનતા નથી તો તેનું મને દુઃખ છે એમ કેમ માને? તેથી કેન્સર, ભગંદર, કંઠમાળ, હેમરેજ, ક્ષય આદિ કોઈ પણ રોગને ધર્મી પોતાનો માનતા નથી. રોગનો સંબંધ તો શરીરના રજકણ સાથે છે, આત્મા સાથે તેનો સંબંધ નથી.

ભગવાન આત્મા ત્રણેકાળ સર્વ પરદ્રવ્યથી નિરાળો, પુણ્ય-પાપ અને રાગથી પણ નિરાળો છે એવી દૃષ્ટિ થયા વગર કદી જન્મ-મરણનો નીવેડો આવે તેમ નથી.

સાતમી નરકના નારકીને જન્મથી ૧૬ મોટા રોગ હોય છે, પીડાનો પાર ન હોય, તેની વચ્ચે પણ પૂર્વે સાંભળેલી વાત "ભગવાન! તું શાંતિનો સાગર છો, પરદ્રવ્ય પરભાવથી નિરાળો છો" યાદ આવી જતાં જેમ વીજળી તાંબાના તારમાં સોંસરવી ઊતરી જાય તેમ નરકની આટલી પીડા વચ્ચે પણ સ્વભાવની દૃષ્ટિ થતાં વીર્ય અંતરમાં સોંસરવું ઊતરી જઈને આનંદનો અનુભવ થાય છે. અહીં તો અજ્ઞાની થોડી પીડામાં પણ રાડેરાડ બોલાવે છે તેને મુનિરાજ કહે છે કે અરે ભગવાન! સાતમી નરકમાં પણ આત્માનો અનુભવ કરી શકે છે તો તારે તો કાંઈ દુઃખ નથી તો તું કેમ આત્માનો અનુભવ ન કરી શકે?

ધર્મી પોતાને બાળ, યુવાન, વૃદ્ધાવસ્થાથી રહિત જાણે છે. બાળાદિ અવસ્થા નથી એમ નથી પણ તે જડ પુદ્‌ગલની અવસ્થા છે. મારો ચૈતન્ય તેનાથી નિરાળો છે. તો તે અવસ્થાથી મને પીડા અને દુઃખ કેમ થાય? જડની વૃદ્ધાવસ્થાથી મને દુઃખ થતું નથી. શરીરની વૃદ્ધાવસ્થાથી હું વૃદ્ધ નથી. જ્ઞાનની વૃદ્ધિથી હું વૃદ્ધ છું. ભલે ૮ વર્ષના બાળકને કેવળજ્ઞાન થઈ જાય તોપણ તે જ્ઞાનમાં વૃદ્ધ છું.

શ્રીમદે પણ એક પત્રમાં આ વાત લીધી છે કે ઉંમરમાં નાના હોય પણ જેનું જ્ઞાન વિશેષ છે તે વૃદ્ધ છે. આ જ વાત જ્ઞાનાર્ણવમાં શુભચંદ્ર આચાર્યે એક શ્લોકમાં લીધી છે કે ખરેખર વૃદ્ધ કોને કહેવા?— કે જેણે રાગથી ભિન્ન પોતાની ચૈતન્ય શક્તિને સંભાળી લીધી છે તે ખરેખર વૃદ્ધ છે.

વૃદ્ધાવસ્થામાં ચાલી ન શકાય, બેસી ન શકાય, આંખેથી દેખાય નહિ, પીડાનો પાર

ન હોય પણ જ્ઞાની કહે છે કે હું તેનાથી રહિત અસંગ છું તો હું તે બાળ-વૃદ્ધાદિ અવસ્થાના દુઃખોથી કષ્ટ કેમ પામું ? એ તો જડની દશા છે, મારી ચીજ તો તેનાથી ભિન્ન જ્ઞાનાનંદ છે. શેઠિયાજીનું ભજન છે ને કે "ગુણીજન જડસુખ છે જી જંજાળ, આનંદઘન આપ છે જી, મારા જ્ઞાન...મારા જ્ઞાન..." પ્રતિકૂળતા મારામાં છે જ નહિ. હું તો શાંતિમાં ઝુલનારો આનંદઘન આત્મા છું.

પ્રતિકૂળતા આવે ત્યારે આત્મા કસોટીએ કસાય છે. પ્રતિકૂળતામાં પણ શાંતિ રાખે કે 'પ્રતિકૂળતા મારામાં છે જ નહિ, હું તો શાંતિનો સાગર છું' એમ જ્ઞાની આખા જગતથી જુદાં ને જુદાં તરતાં રહે છે.

બાળ, વૃદ્ધ, મૃત્યુ આદિ અવસ્થા પુદ્ગલની છે તેને જડની નહિ માનતાં પોતાની અવસ્થા માનવી તે જ મિથ્યાત્વ છે અને પરની અવસ્થા પરમાં છે અને મારી અવસ્થા મારામાં છે એમ સ્વ-પરનું જ્ઞાયક રહેવું તેનું નામ ધર્મ છે. આ પૂજ્યપાદસ્વામીનો ઇષ્ટ ઉપદેશ છે.

મરણ, રોગ, મુજમાં નહિ, તેથી સદા નિઃશંક;
બાળ, તરુણ નહિ વૃદ્ધ હું, એ સબ પુદ્ગલ જોગ.

આમ જાણવા છતાં ભાવના કરવવાળા શિષ્યને સ્વયં પ્રશ્ન ઊઠે છે કે જોકે ભેદ-ભાવનાના બળથી શરીરાદિ બધી ચીજોને મેં પરાઈ માની છે તોપણ લાંબાકાળથી અભેદ-સંસ્કારના વશથી પશ્ચાત્તાપ પણ થાય કે અરે ! મેં આ ચીજોને કેમ છોડી દીધી ? આમ પ્રશ્ન ઊઠે છે પણ તેનું પોતે જ સમાધાન કરે છે કે મોહથી મેં વારંવાર સમસ્ત પુદ્ગલોને ભોગવ્યાં અને છોડયાં તો હવે એ એંઠની ચાહના શા માટે કરું ? અર્થાત્ હવે મને તે પદાર્થોની ઇચ્છા જ નથી.

મોહે ભોગવી પુદ્ગલો, કર્યો સર્વનો ત્યાગ;
મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોમાં રાગ ? ૩૦.

શ્રીમદ્ કહે છે ને કે "સર્વ જગત છે એંઠવત, અથવા સ્વપ્ન સમાન તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન."

ભગવાન સચ્ચિદાનંદ મહાપ્રભુ છે પણ તેના અજ્ઞાનમાં આ જીવે પર પદાર્થમાં મોહથી દરેક ચીજને કેટલી વાર ભોગવી અને છોડી. લક્ષ્મી, આબરૂ, સ્ત્રીનું શરીર આદિ બધાંને અનંતવાર ભોગવ્યાં એટલે કે તેના પ્રત્યે રાગ કર્યો અને છોડયા. હવે તે ભોગવેલાં પદાર્થની એંઠ માટે શી ચાહના ? એ તો કૂતરાનું કાર્ય છે.

જેમ સડક ઉપર માણસ ચાલ્યો જતો હોય, રસ્તામાં અનેક વૃક્ષોની છાંયા આવે પણ તેમાં પસાર થનારો માણસ તો પોતે એક જ છે તેમ આત્મા અનાદિ-અનંત શાશ્વત છે,

તેમાં અનેક શરીરોની છાંયા આવે છે ને જાય છે પણ આત્મા પોતે તો એક શાશ્વત બિરાજમાન છે. આમ, અનેક શરીરનો ભોગવટો મેં અનંતવાર કર્યો અને છોડયો છે તો એવા એંઠની-પદાર્થની ચાહના શું કરવી?

જ્ઞાનીની એવી ભાવના ઉપરથી સૂક્ષ્મ વાત એ નીકળે છે કે શરીરમાં કયાંય પણ મીઠાશ લાગવી તે મૂઢની માન્યતા છે. શરીરમાં દુઃખ – પ્રતિકૂળતા આવતાં મને દુઃખ થયું એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે.

જે જ્ઞાની પોતાના અનાકુળ આનંદની નિરંતર ચાહના કરે છે-ભાવના કરે છે અને આનંદનો અનુભવ કરે છે તેવા જ્ઞાનીને શરીર અને ભોગની ભાવના કેમ હોઈ શકે? ૯૬૦૦૦ રાણીઓના ભોગમાં પડેલાં સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને પણ તે શરીર અને ભોગની ચાહના નથી, અંદરથી જ રુચિનો અભાવ થઈ ગયો છે. જેમ લાકડી વાગવાથી ભાંગેલી કમરે બિલાડી લૂલી ચાલે છે તેમ ધર્મીને શરીર, રાગ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાનની લાકડી પડી છે તેથી હવે જે કોઈ રાગ બાકી છે તે બધાં મંદ પડી ગયા છે. રાગનો રાગ હોતો નથી. એક આત્માના જ્ઞાનાનંદની ભાવના છે તેને જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિને બહારથી ત્યાગ દેખાતો નથી પણ અંતરથી ભોગનો ત્યાગ થઈ ગયો છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ ત્યાગી, મુનિ હોય, બહારથી બધો ત્યાગ હોય પણ અંતરમાં દેહાદિ સંયોગ મારા છે ને રાગથી મને લાભ છે એવી બુદ્ધિ પડી છે તે ભોગી જ છે. સમ્યગ્દૃષ્ટિએ તો દેહ અને રાગથી ભિન્ન પોતાનો આત્મા જાણી લીધો છે. તેથી ૯૬૦૦૦ રાણીનો ભોગ હોવા છતાં તે ભોગી નથી કારણ કે તે ભોગની વાંછાથી રહિત છે.

અનાદિકાળથી મેં સંસારી જીવે જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યકંદનો આશ્રય ન લેતાં અવિદ્યાના આવેશને વશ થઈ સમસ્ત પુદ્ગલને ભોગવ્યાં અને છોડયાં છે તો હવે તે નાકના મેલ સમાન એંઠને ભોગવવાની ભાવના કેમ હોય? જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનો આશ્રય લેતાં હવે તે ઉચ્છિષ્ટ ભોગોની ભાવના મને નથી...નથી...ને નથી.

હે ભાઈ! જો તું આત્માર્થી હો તો તારે પરની મમતા છોડી સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તારો એ અભ્યાસ એ જ ધર્મ છે. બાકી બહારની ક્રિયા કે દુનિયાને સમજાવવાથી કંઈ ધર્મ નથી.

પરનો એક રજકણ તો મારો નથી પણ રાગની સાથે પણ મારે તાદાત્મ્ય સંબંધ નથી —એવી દૃષ્ટિવાળા ધર્માત્માને છોડેલી ચીજને ફરી ગ્રહવાની ભાવના હોતી નથી. તેને તો એક જ ભાવના ચૈતન્યમાં એકાગ્ર થવાની હોય છે.

[ક્રમશઃ]

# ※ વૈરાગ્યજનની : બાર ભાવના ※

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આત્માનું ભાન કરીને ભગવાન કેવળજ્ઞાન પામ્યા. તેમના જ્ઞાનમાં લોક-અલોક સમસ્ત પદાર્થો પ્રત્યક્ષ જણાયા અને દિવ્યધ્વનિમાં તેવું કહેવાયું. તે લોકના સ્વરૂપનું આ વર્ણન છે. આવા લોકના સ્વરૂપની વિચારણા ખરેખર તો તે જ કરી શકે કે જેને આત્માના જ્ઞાનનું સર્વજ્ઞપણું પ્રતીતમાં બેઠું હોય. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય તે વિકાર છે, તે જ્ઞાનસ્વભાવ નથી. દેહાદિ તો જડ છે તે પણ જ્ઞાનસ્વભાવથી જુદા છે ને અધૂરું જ્ઞાન છે તેટલો પણ ખરેખર સ્વભાવ નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ બધાને પરિપૂર્ણ જાણે તેવો છે– આમ પોતાના પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવની દૃષ્ટિ કરીને અલ્પજ્ઞતા વિકાર તથા જડને હેય જાણે તે જ ખરેખર સર્વજ્ઞને જાણે અને સર્વજ્ઞે કહેલાં લોકના સ્વરૂપની યથાર્થ અનુપ્રેક્ષા પણ તેને જ હોય. "नमो अरिहंताणं" એમ બોલે પણ અરિહંતનું સ્વરૂપ જાણે નહિ, તો તેને કાંઈ લાભ થાય નહિ. જેમ રેકર્ડ બોલે છે તેમ તે જીવ સમજ્યા વિના બોલે છે, તેમાં કાંઈ ફેર નથી. જો સર્વજ્ઞને ઓળખે તો પોતાના આત્માની સર્વજ્ઞતાની પ્રતીત થાય, ને પુણ્ય-પાપ તથા અલ્પજ્ઞતાની રુચિ રહે નહિ. જેણે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત માની તે પુણ્ય-પાપથી લાભ માને નહિ.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં લાખો સર્વજ્ઞો ભગવંતો બિરાજે છે, અનંતા સિદ્ધ ભગવંતો સર્વજ્ઞપણે બિરાજે છે, તેઓને સર્વજ્ઞપણું ક્યાંથી આવ્યું? બહારથી નથી આવ્યું, પણ અંદરની શક્તિના અવલંબ નથી તે કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટી છે, તેમની વર્તમાન પર્યાયે અંતર્મુખ સ્વભાવનું અવલંબન લીધું હતું. કોઈ નિમિત્ત, પુણ્ય-પાપ કે અલ્પજ્ઞતાના અવલંબને કેવળજ્ઞાન થતું નથી. આવી શક્તિ પોતાના આત્મામાં પણ ભરી છે. આ આત્મા પોતે શક્તિપણે કેવળજ્ઞાનની મૂર્તિ છે એની પ્રતીત વગર નવ લાખ કે તેથી પણ વધારે નવકાર જપે તોપણ કાંઈ ધર્મ થાય નહિ. જેણે આત્માના સર્વજ્ઞ-સ્વભાવની પ્રતીત કરી તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા, ને તેવો સમકિતી જીવ જ આ સર્વજ્ઞદેવે કહેલા લોકની ભાવના ભાવે છે. અહો! સર્વજ્ઞદેવે પોતાના જ્ઞાનમાં લોકાલોકને પ્રત્યક્ષ દેખ્યો છે ને મારામાં તેવી તાકાત છે, તેના અવલંબને હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ ત્યારે મારા જ્ઞાનમાં પણ લોકાલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખીશ. સર્વજ્ઞ સિવાય લોકનું આવું સ્વરૂપ કોઈ પ્રત્યક્ષ જોઈ શકે નહિ. એટલે સર્વજ્ઞની પ્રતીત વગર આવી ભાવના થઈ શકે નહિ અને પોતાના જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ દૃષ્ટિ થયા વગર સર્વજ્ઞની યથાર્થ પ્રતીત થાય

નહિ. આ રીતે જ્ઞાનસ્વભાવની અંતર્મુખ દૃષ્ટિપૂર્વકની આ બાર અનુપ્રેક્ષાઓ છે એમ સમજવું.

આમાં કેવળજ્ઞાનનો મહિમા આવે છે; આની પ્રતીત કરતાં સ્વભાવની રુચિ થાય ને પુણ્ય-પાપ વિકારભાવની રુચિ ઊડી જાય. આ રીતે લોકના વર્ણનમાં પણ જ્ઞાનસ્વભાવનો જ મહિમા ઘૂંટાય છે. જેણે પૈસા વગેરે જડમાં લાભ માન્યો તેણે પૈસા મેળવવાના પાપ-ભાવને લાભદાયક માન્યો, પણ પાપ રહિત પવિત્ર સ્વભાવને લાભદાયક માન્યો નહિ. ધર્મી તો જાણે છે કે હું તો જ્ઞાયકમૂર્તિ છું, મને બહારથી તો લાભ નથી ને બહારના લક્ષે પુણ્ય-પાપ થાય તેનાથી પણ લાભ નથી. મારા ચિદાનંદસ્વભાવમાં અંતર્મુખ વલણ થાય તેટલો મને લાભ છે, ને જેટલું બહિર્મુખ વલણ જાય તેટલું નુકસાન છે. આવી જેની દૃષ્ટિ હોય તે ધર્મી જીવ પુણ્ય-પાપથી લાભ માનતો નથી. જેણે પુણ્યથી ધર્મ માન્યો તેણે પુણ્ય-રહિત જ્ઞાનસ્વભાવને લાભદાયક ન માન્યો. તેના જ્ઞાનની ભૂલ છે, તે મિથ્યાજ્ઞાનથી સંસારમાં રખડી રહ્યો છે.

જગતના જીવોને અનાદિથી જીવ-અજીવ વગેરે સાત તત્ત્વોની ભૂલ ચાલી આવે છે, તે સાતે તત્ત્વોની ભૂલ તો જીવ કરે છે. અજીવની ભૂલ કાંઈ અજીવમાં નથી રહેતી, પણ જીવ પોતે તે ભૂલ કરે છે. શરીરની ક્રિયા હું કરું, શરીરની ક્રિયાથી મને લાભ થાય, પુણ્ય-પાપના ભાવથી મને મજા પડે, સાચી સમજણમાં કંટાળો આવે. આવી બધી માન્યતા તે સાત તત્ત્વોની ભૂલ છે, ને તે ભૂલથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. ચિદાનંદસ્વભાવમાં જ મજા છે, એ સિવાય પુણ્ય-પાપના વિકારી ભાવો જીવને દુઃખદાયક છે, સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા તે જ જીવને સુખદાયક છે—આવું જેને ભાન છે તે જીવને પૈસાની કે પુણ્ય-પાપના ભાવની રુચિ રહેતી નથી, એવા જીવને આ લોકભાવના યથાર્થ હોય છે.

લોક છ દ્રવ્યસ્વરૂપ છે. લોકમાં રહેલા છ દ્રવ્યોમાંથી જીવના ભેદોનું વર્ણન ચાલે છે, તિર્યંચ જીવો ક્યાં ક્યાં રહે છે તે કહે છે:—

मनुष्यक्षेत्रस्य बहिः चरमे द्वीपस्य अर्द्धकं यावत् ।
सर्वत्र अपि तिर्यंचः हिमवततिर्यग्भिः सदृशाः ॥ १४३ ॥

અર્થ:— મનુષ્યક્ષેત્રની બહાર-માનુષોત્તર પર્વતની પેલી બાજુથી અંતના સ્વયંપ્રભ-દ્વીપના અર્ધા ભાગની આ બાજુ સુધીના વચ્ચેના સર્વ દ્વીપસમુદ્રનાં તિર્યંચો છે તે બધાં હેમવત્ક્ષેત્રના તિર્યંચો જેવાં છે. ૧૪૩.

હેમવત્ક્ષેત્રમાં જઘન્ય ભોગભૂમિ છે, માનુષોત્તર પર્વતથી આગળના અસંખ્યાત દ્વીપ-સમુદ્ર તથા અર્ધા સ્વયંપ્રભ નામના છેલ્લા દ્વીપ સુધી સર્વ ઠેકાણે જઘન્યભોગભૂમિની રચના

છે અને ત્યાંના તિર્યંચોના આયુષ્યકાય હૈમવત્‌ક્ષેત્રના તિર્યંચો જેવાં છે.

આગળ જલચર જીવોના સ્થાન કહે છે:—

लवणोदके कालोदके अन्तिमजलधौ जलचराः सन्ति ।
शेषसमुद्रेषु पुनः न जलचराः सन्ति नियमेन ॥ १४४ ॥

અર્થ:— લવણોદધિ સમુદ્રમાં, કાલોદધિ સમુદ્રોમાં તથા અંતના સ્વયંભૂરમણ સમુદ્રમાં જલચરજીવો છે, બાકીના વચ્ચેના સમુદ્રોમાં નિયમથી જલચર જીવો નથી. ૧૪૪.

સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનની પ્રતીત સહિત, સર્વજ્ઞે જોયેલા લોકના સ્વરૂપનો ધર્મી જીવ વિચાર કરે છે. અહો! આત્માના ભાન વગર અનાદિકાળમાં આવા આવા અનેક સ્થળે જીવ અવતરી ચૂકયો છે. હવે જ્ઞાનસ્વભાવની પ્રતીત થતાં ધર્મીને ભાન થયું કે અવતાર અને અવતારનો ભાવ તે મારું સ્વરૂપ નથી. હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું-મારા સ્વરૂપમાં આવો સંસાર કે સંસારનો ભાવ નથી—આવા ભાનપૂર્વક ધર્મી જીવ આ વિચાર કરે છે.

આગળ દેવના સ્થાન કહે છે, ત્યાં પ્રથમ ભવનવાસી-વ્યંતરના સ્થાન કહે છે:—

खरभागपङ्कभागे भवनदेवानां भवन्ति भवनानि ।
व्यन्तरदेवानां तथा द्वयमपि च तिर्यचलोके अपि ॥ १४५ ॥

અર્થ:— ખરભાગ અને પંકભાગમાં ભવનવાસીઓનાં ભવન તથા વ્યંતરદેવોના નિવાસ છે. વળી એ બંનેના તિર્યંગ્લોકમાં પણ નિવાસ છે. ૧૪૫.

એક લાખ એંશી હજાર યોજન મોટી પહેલી રત્નપ્રભા પૃથ્વી છે, તેના ત્રણ ભાગમાં (પ્રથમના) સોળ હજાર યોજન પ્રમાણ ખરભાગમાં અસુરકુમાર સિવાય બાકીના નવ કુમાર-ભવનવાસીઓનાં ભવન છે, તથા રાક્ષસકુળ વિના સાત કુલ વ્યંતરોના નિવાસ છે, તથા બીજા ચોરાશી હજાર યોજન પ્રમાણ પંકભાગમાં અસુરકુમાર ભવનવાસી તથા રાક્ષસકુળ વ્યંતરો વસે છે. વળી તિર્યંગ્લોક અર્થાત્ મધ્યલોક અસંખ્યાત દ્વીપ-સમુદ્ર પ્રમાણ છે, તેમાં ભવનવાસીઓનાં ભવન અને વ્યંતરોના પણ નિવાસ છે.

સમ્યગ્દર્શન વગર જીવ અનંત ભવોમાં રખડયો. સમ્યગ્દર્શન વગર આવા અવતારનો અંત આવે નહિ. આત્માના જ્ઞાનસ્વભાવનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તે જીવ સિદ્ધોની વસ્તીમાં ભળી જાય છે, ને આત્માનું ભાન ન કરે તે જીવ સંસારમાં રખડતાં નરકાદિની વસ્તીમાં અવતરે છે, માટે આ જાણીને આત્માના જ્ઞાનસ્વભાવની ભાવના કરવાની છે.

આગળ જ્યોતિષી, કલ્પવાસી તથા નારકીઓની વસ્તી કહે છે.

ज्योतिषां विमानाः रज्जूमात्रे अपि तिर्यग्लोके अपि ।
कल्पसुराः ऊर्ध्वे च अधोलोके भवन्ति नैरयिकाः ॥ १४६ ॥

અર્થ :— એક રાજુ પ્રમાણ તિર્યગ્લોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે તેના ઉપર જ્યોતિષીદેવોનાં વિમાન બિરાજે છે. કલ્પવાસી ઊર્ધ્વલોકમાં છે તથા નારકી અધોલોકમાં છે. ૧૪૬.

સાતે નરકમાંથી દરેક નરકમાં જીવ અનંતવાર ઊપજી આવ્યો છે, ત્યાં પીડાનો પાર નથી. ચૈતન્યસ્વભાવનું ભાન ન કરે ને વિષયોમાં લીન રહે તે જીવો નરકાદિમાં અવતરે છે. અહો! હું તો ચૈતન્યસ્વભાવ છું, મારું સુખ વિષયોમાં કે રાગમાં નથી એમ ધર્મી જીવને આત્માનો પ્રેમ હોય છે. આત્માનો પ્રેમ છૂટીને તેને વિષયોનો પ્રેમ થતો નથી. અહો! મનુષ્યપણું દુર્લભ છે, તે વારંવાર નથી મળતું, માટે મનુષ્યપણું પામીને ચૈતન્યસ્વભાવને ઓળખ. આત્મા તો જ્ઞાનસ્વભાવ છે, તે લોકમાં બધાને જાણે, સ્વર્ગને જાણે, નરકને જાણે, પણ તેને પોતાનાં ન માને. આવા જ્ઞાનની પ્રતીતપૂર્વક ધર્મી જીવ લોકનું સ્વરૂપ વિચારે છે.

बादरपर्याप्तियुताः घनावलिः असंख्यभागमात्राः तु ।
किंचिन्न्यूनलोकमात्राः तेजसः वायवः यथाक्रमशः ॥ १४७ ॥

અર્થ :— અગ્નિકાય અને વાતકાયના બાદર પર્યાપ્તિ સહિત જીવ છે તે ઘનઆવલીના અસંખ્યાતમાં ભાગ તથા કંઈક ન્યુન લોકપ્રદેશપ્રમાણ યથા અનુક્રમ જાણવા. ૧૪૭.

અગ્નિકાયના ઘનઆવલીના અસંખ્યાતમાં ભાગ તથા વાયુકાયના કંઈક એક કમ લોકપ્રદેશપ્રમાણ છે.

पृथ्वीतोयशरीराः प्रत्येकाः अपि च प्रतिष्ठिताः इतरे ।
भवन्ति असंख्यातश्रेणयः पर्याप्ताः अपर्याप्ताः च तथा च त्रसाः ॥१४८॥

અર્થ :— પૃથ્વીકાયક, અપકાયક, પ્રત્યેક વનસ્પતિકાયક, સપ્રતિષ્ઠિત વા અપ્રતિષ્ઠિત અને ત્રસ એ બધા પર્યાપ્ત અપર્યાપ્ત જીવો છે તે જુદા જુદા અસંખ્યાત જગતશ્રેણિપ્રમાણ છે. ૧૪૮.

बादरलब्धपर्याप्तकाः असंख्यातलोकाः भवन्ति प्रत्येकाः ।
तथा च अपूर्णाः सूक्ष्माः पूर्णाः अपि च संख्यातगुणपणिताः ॥ १४९ ॥

અર્થ :— પ્રત્યેક વનસ્પતિકાય તથા બાદર અલબ્ધ્યપર્યાપ્તક જીવ છે તે અસંખ્યાત લોક પ્રમાણ છે, એ જ પ્રમાણે સૂક્ષ્મ અપર્યાપ્તક પણ અસંખ્યાત લોક પ્રમાણ છે અને સૂક્ષ્મપર્યાપ્તક જીવ છે તે સંખ્યાત ગુણા છે. ૧૪૯.

આ બધા જીવો આત્માના જ્ઞાનનું જ્ઞેય છે, પણ જ્ઞાન કોઈને મારે કે બચાવે-એ વાત નથી. તે બધા જીવો જગતનાં સ્વતંત્ર તત્ત્વો છે, તેની પર્યાય તેનાથી પલટે છે, આ જીવ તેને જાણે પણ તે કોઈની પર્યાયને ફેરવી શકે નહિ. પર જીવને મારવા કે બચાવવાનું માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. તેણે આ બધાને 'જ્ઞેય' ન બનાવ્યા, એટલે તેને પોતાના 'જ્ઞાનસ્વભાવ'ની પણ પ્રતીત નથી, એટલે તેને લોક અનુપ્રેક્ષા સાચી હોતી નથી. ધર્મીને તો પોતાના જ્ઞાન સ્વભાવની પ્રતીત છે, એટલે તે બધાને પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવે છે.

જગતમાં પૂર્ણતાને પામેલાં સિદ્ધ ભગવંતો અનંતા છે, ને જગતના બધા જીવોમાં અપર્યાપ્ત કરતા પર્યાપ્ત જીવો અસંખ્યાતગુણા છે. જુઓ અપૂર્ણ પર્યાપ્તિવાળા જીવો કરતાં પૂર્ણ પર્યાપ્તિવાળા જીવો ઘણાં છે. બાદર જીવો થોડા, સૂક્ષ્મ જીવો તેના કરતાં અનંતા છે. 'બાદર જીવોમાં પર્યાપ્ત થોડા ને અપર્યાપ્ત ઝાઝા, સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત થોડા ને પર્યાપ્ત ઝાઝા.' એટલે એકંદર અર્યાપ્ત જીવો થોડા ને પર્યાપ્ત જીવો જગતમાં ઝાઝા છે. જુઓ ! જગતની સ્થિતિ ! ! આ પણ આત્માના જ્ઞાનનું જ્ઞેય છે.

सिद्धाः सन्ति अनन्ताः सिद्धेभ्यः अनंतगुणगणिताः ।
भवन्ति निगोदाः जीवाः अनन्तभागमात्राः अभव्याः च ॥ १५० ॥

અર્થ :— સિદ્ધજીવ અનંતા છે. સિદ્ધોથી અનંતગુણ નિગોદજીવ છે તથા સિદ્ધોથી અનંતમાં ભાગે અભવ્ય જીવો છે. ૧૫૦.

સિદ્ધ ભગવંતો લોકના છેડે બિરાજે છે, ત્યાં કાંઈ પથ્થરના મકાન વગેરે નથી, ત્યાં તો આત્માના પૂર્ણ જ્ઞાન અને આનંદમાં તેઓ લીન છે, તે જ સુખ છે-એ સિવાય બહારના મોટર-બંગલા વગેરેમાં કાંઈ સુખ નથી. આત્માના સુખ માટે જેણે પરની જરૂર માની છે, તેણે ભગવાનના અતીન્દ્રિય સુખની પ્રતીત કરી નથી. તે જીવોને મોક્ષતત્ત્વની ખબર નથી. કુંદકુંદ ભગવાન તો કહે છે કે જે જીવો આત્માના અતીન્દ્રિય સુખને માનતા નથી તે જીવો અભવ્ય જેવા મિથ્યાદૃષ્ટિ છે, ને ઘોર સંસારમાં રખડે છે. જગતમાં સિદ્ધ કરતાં અભવ્ય જીવો અનંતમાં ભાગે છે. સિદ્ધ કરતાં નિગોદજીવો અનંતગુણા છે, પણ સિદ્ધ કરતાં અભવ્ય જીવો અનંતમાં ભાગના છે.

જુઓ સિદ્ધ, નિગોદ અને અભવ્ય, આ બધું આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. જગતમાં સિદ્ધ, અનાદિથી છે, અભવ્ય જીવો અનાદિથી છે, અભવ્ય કેમ? તેનું કાંઈ કારણ નથી.

કોઈ કહે કે અરેરે! અભવ્યને બિચારાને કદી મોક્ષ ન થાય!! એમ કેમ? તો તે વસ્તુ-સ્વરૂપને જાણતો નથી. અભવ્ય ઉપર દયા આવે એવું જીવનું સ્વરૂપ જ નથી, પણ અભવ્ય જીવો છે તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. જેમ જગતમાં જડ છે, તે તેનો સ્વભાવ છે, તેમ અભવ્ય જીવો છે પણ તેનો સ્વભાવ છે. તારા જ્ઞાનમાં તેને જાણવાનો સ્વભાવ છે. જેમ જડ-ચૈતન્ય અનાદિથી છે તેમ ભવ્ય-અભવ્ય પણ જગતમાં અનાદિથી છે, તે તારા જ્ઞાનનું જ્ઞેય છે-એમ જાણીને તું તારા આત્માની પ્રતીત કરીને તારી મુક્તિ કરી લે.

सम्मूर्छनाः स्फुटं मनुष्यः श्रेणि असंख्यातभागमात्राः स्फुटम् ।
गर्भजमनुष्याः सर्वे संख्याताः भवन्ति नियमेन ॥ १५१ ॥

અર્થ :—સમ્મૂર્છન મનુષ્ય જગતશ્રેણીના અસંખ્યાતમાં ભાગ માત્ર છે અને ગર્ભજ મનુષ્ય નિયમથી સંખ્યાતા જ છે. ૧૫૧.

અઢી દ્વીપમાં જ મનુષ્યો હોય છે, તેમાં ગર્ભજમનુષ્યો સંખ્યાતા જ છે એટલે બીજા જીવોના હિસાબે તે બહુ જ થોડા છે. આવું દુર્લભ મનુષ્યપણું પામીને પણ જીવો આત્માની દરકાર કરતા નથી!!

હવે સાન્તર અને નિરન્તરના નિયમને કહે છે.

देवाः अपि नारकाः अपि च लब्धपर्याप्ताः स्फुटं सान्तराः भवन्ति ।
सम्मूर्छना अपि मनुष्याः शेषाः सर्वे निरंतराः ॥ १५२ ॥

અર્થ :—દેવ, નારકી લબ્ધ્ય પર્યાપ્તક તથા સમ્મૂર્છનમનુષ્ય એટલા તો સાન્તર એટલે અંતરસહિત છે. બાકીના સર્વ જીવો નિરંતર છે. ૧૫૨.

એક પર્યાયથી અન્ય પર્યાય પામે વળી પાછા ફરીથી તેને તે જ પર્યાય પામે એટલામાં વચ્ચે જે અંતર રહે તેને સાન્તર (અંતરસહિત) કહેવામાં આવે છે. અહીં નાના જીવ અપેક્ષાએ અંતર કહ્યું છે, અર્થાત્ દેવ, નારકી, મનુષ્ય અને લબ્ધ્યપર્યાપ્તક જીવોની ઉત્પત્તિ કોઈ કાળમાં ન થાય તેને પણ અંતર કહે છે તથા અંતર ન પડે તેને નિરંતર કહે છે. ત્યાં વૈક્રિયિકમિશ્રકાયયોગી દેવ-નારકીનું તો બાર મુહૂર્તનું અંતર કહ્યું છે, અર્થાત્ કોઈ ન જ ઉપજે તો બાર મુહૂર્ત સુધી જ ન ઉપજે. વળી સમ્મૂર્છનમનુષ્ય કોઈ ન જ થાય તો પલ્યના અસંખ્યાતમાં ભાગ કાળ સુધી જ ન થાય. એ પ્રમાણે અન્ય ગ્રંથોમાં કહ્યું છે. બાકીના સર્વ જીવો નિરંતર ઉપજે છે.

જુઓ, આ કેવળજ્ઞાનનો મહિમા! સમય સમયમાં જગતમાં જે બની રહ્યું છે તે બધું ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. આવા પોતાન જ્ઞાનસ્વભાવનો મહિમા કરીને તેમાં

અંતર્મુખ થવું તે ધર્મ છે. બધાને જાણનારા પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થવું તે ધર્મી જીવનું કાર્ય છે. અજ્ઞાની જીવ પરનું અભિમાન કરીને રાગદ્વેષમાં અટકે છે. એ સિવાય પરમાં તો કોઈ જીવ કાંઈ કરી શકતો નથી.

मनुष्यात् नैरयिकाः नैरयिकात् असंख्यातगुणगुणिताः ।
सर्वे भवन्ति देवाः प्रत्येकवनस्पतयः ततः ॥ १५३ ॥

અર્થ :— મનુષ્યોથી નારકી અસંખ્યાતગુણા છે, નારકીઓથી બધા દેવ અસંખ્યાતગુણા છે અને દેવોથી પ્રત્યેક વનસ્પતિ જીવ અસંખ્યાતગુણા છે. ૧૫૩.

જુઓ, નરક કરતાં સ્વર્ગના જીવો ઝાઝા છે. જીવે નરક કરતાં સ્વર્ગના અવતાર અસંખ્યાતગુણા કર્યા છે. આત્માના ભાન વિના પાપ અને પુણ્ય કરીને નરકમાં તેમ જ સ્વર્ગમાં અનંતવાર જીવ જઈ આવ્યો છે, પણ પાપ અને પુણ્ય બંનેથી પાર પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન પૂર્વે કર્યું નથી. પુણ્ય કરીને સ્વર્ગમાં ગયો, પણ તેમાં આત્માનું હિત ન થયું. પુણ્ય-પાપરહિત જ્ઞાનસ્વભાવની પ્રતીત કરે તો હિત થાય.

અહો! કેવળી ભગવાને આ બધું પ્રત્યક્ષ જોયું છે, ને હું પણ મારા જ્ઞાનસ્વભાવની ભાવના કરીને કેવળજ્ઞાન પ્રગટ કરીશ ત્યારે મારા જ્ઞાનમાં પણ આ બધું પ્રત્યક્ષ જણાશે. આમ જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક ધર્મી જીવ આ લોકનું સ્વરૂપ વિચારે છે. (ક્રમશઃ)

## મિથ્યાબુદ્ધિ છોડ

આત્મસ્વભાવમાં પર વસ્તુનું ગ્રહણ કે ત્યાગ નથી છતાં આ વસ્તુને ગ્રહણ કરું છું, આ વસ્તુને છોડું છું એવી મિથ્યાબુદ્ધિ વડે શુભ ક્રિયાને ગ્રહણ કરીને અશુભ ક્રિયાને છોડે છે પણ શુભાશુભ ક્રિયામાં ભલું તો કાંઈ નથી છતાં વ્રત–નિયમ–શીલ–તપ આદિને ભલા માની ગ્રહણ કરે છે અને અમારે વિષયો ખપે નહિ, ધનાદિ ખપે નહિ, હિંસાદિ આરંભની પ્રવૃત્તિ ખપે નહિ એવી મિથ્યાબુદ્ધિ વડે બંધના કારણભૂત શુભક્રિયાને ગ્રહણ કરીને આત્મસન્મુખતા છોડતો હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે.

— પૂજ્ય ગુરુદેવ

# ※ તીક્ષ્ણબુદ્ધિવાળો પુરુષ કોને ભજે છે ? ※

શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

અહીં ગાથા ૧૩માં આત્માના દર્શનઉપયોગના સ્વરૂપનું કથન ચાલે છે. તેમાં કારણ-સ્વભાવદર્શન-ઉપયોગમાં ત્રિકાળ શ્રદ્ધાને પણ લીધી છે.

દર્શન-ઉપયોગના બે ભેદ છે: સ્વભાવરૂપ અને વિભાવરૂપ. તેમાં સ્વભાવરૂપ દર્શન-ઉપયોગ કારણ અને કાર્ય એવા બે પ્રકારનો છે, તેનું સ્વરૂપ કહે છે. કારણસ્વભાવ-દર્શન-ઉપયોગ અર્થાત્ કારણદૃષ્ટિ તે કેવી છે ?

કારણદૃષ્ટિ તો શુદ્ધ આત્માના સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર જ છે. કેવો છે આત્મા ?

સદા પાવનરૂપ છે. ત્રણેકાળે વિકારરહિત શુદ્ધસ્વભાવરૂપ છે, જે ઔદયિક આદિ ચારે વિભાવભાવોથી અગોચર એવા સહજ-પરમપારિણામિકભાવરૂપ છે, કારણસમયસાર છે, ત્રણે કાળે નિરાવરણ તેનો સ્વભાવ છે. વળી નિજ સ્વભાવ સત્તામાત્ર છે, અને પરમચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે. પોતાના અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમાં ત્રણે કાળે અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્રસ્વરૂપ છે, અને નિત્ય શુદ્ધ નિરંજન જ્ઞાનસ્વરૂપ છે. આવા આત્માની ત્રિકાળી શ્રદ્ધારૂપ કારણદૃષ્ટિ છે.

વળી તે આત્મા સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે. પોતાની પર્યાયમાં વિભાવ છે તે જ દુશ્મન છે. રાગદ્વેષ અને મોહ તે દુશ્મનની સેના છે. શુદ્ધ આત્માની ભાવના કરતાં તેનો નાશ થઈ જાય છે.

આવા આત્માના સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કારણસ્વભાવદૃષ્ટિ છે. આ ત્રિકાળ છે. આત્મામાં ત્રિકાળ વર્તતો જે દર્શનનો ઉપયોગ તેને કારણસ્વભાવદર્શન-ઉપયોગ કહે છે.

હવે કાર્યસ્વભાવદર્શન-ઉપયોગ કહે છે, અને તેની સાથે પરમ અવગાઢ ક્ષાયિક સમ્યક્ત્વરૂપ જે કાર્યસ્વભાવ દૃષ્ટિ પ્રગટે છે તે પણ સમાવી દીધી છે, તે કાર્યસ્વભાવદૃષ્ટિ કેવી છે ?

તે ત્રિકાળ નથી, પણ દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીયના ક્ષયથી ઉત્પન્ન થાય છે. કાર્યદર્શન-ઉપયોગ કે કાર્યદૃષ્ટિ ક્ષાયિક જીવને એટલે કે અર્હંત ભગવાનને હોય છે. ક્ષાયિક જીવ કેવો છે ?

૧. જેણે સકળ વિમળ કેવળજ્ઞાન વડે ત્રણ લોકને જાણ્યા છે,

૨. પોતાના આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતનો સમુદ્ર છે, આ કાર્યદૃષ્ટિ સંપન્ન એવા સર્વજ્ઞ તીર્થંકરદેવને પ્રગટેલી પર્યાયની વાત છે.

૩. યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે.

એ રીતે જ્ઞાન, સુખ અને ચારિત્ર ત્રણેની વાત લીધી. આવા સર્વજ્ઞ ભગવાનને કાર્યસ્વભાવદૃષ્ટિ અને કાર્યસ્વભાવદર્શન-ઉપયોગ હોય છે.

વળી તે ભગવાન સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારનયસ્વરૂપ છે.

તીર્થંકર પરમદેવ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિય સ્વભાવવાળો છે.

ભગવાનને પોતાને તો નય હોતો નથી, પણ સાધક જીવ કેવળી ભગવાનના સ્વરૂપને વિચારે ત્યારે તેને આવો નય હોય છે. આવા તીર્થંકર ભગવાન ભવ્ય જીવોને પ્રત્યક્ષ વંદનીક છે. સિદ્ધ ભગવાન વંદનીક છે પણ તે પરોક્ષ છે, ને તીર્થંકર ભગવાન પ્રત્યક્ષ છે, એવા ભગવાનને કેવળજ્ઞાનની માફક આ કાર્યદૃષ્ટિ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.

કેવળીને પોતાને નય ન હોય, તેઓ તો પૂર્ણ થઈ ગયા છે, નયાતીત થઈ ગયા છે, તેમને શ્રુતજ્ઞાન નથી પણ કેવળજ્ઞાન છે. નય તો શ્રુતજ્ઞાનીને જ હોય છે, પણ કેવળીનો વિચાર કરતાં સાધક જીવને શુદ્ધસદ્ભૂતવ્યવહારનય હોય છે, તેથી ભગવાનને પણ તે નયસ્વરૂપ કહી દીધાં છે, એટલે કે તે કેવળજ્ઞાનાદિ દશા પણ ત્રિકાળી નથી પણ નવી પ્રગટેલી છે, તેથી તે આશ્રય કરવા યોગ્ય નથી, આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળ એકરૂપ સ્વભાવ છે, ને ત્રિકાળીસ્વરૂપ શ્રદ્ધાન છે તે તો નિશ્ચય છે, ને જે કાર્યસ્વભાવદૃષ્ટિ પ્રગટી તે તો વ્યવહાર છે. કાર્યદૃષ્ટિ તે શુદ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે, અને આત્મામાં ત્રિકાળ કારણસ્વભાવદર્શન-ઉપયોગ છે તે તો શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે—એ વાત તેમાં આવી જાય છે. તે ત્રિકાળીનો આશ્રય કરવા જેવો છે, તેના આશ્રયથી નિર્મળ કાર્ય પ્રગટે છે.

જુઓ, આત્મા ઉપયોગસ્વરૂપ છે. તેમાં, ૧. ત્રિકાળ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ ૨. ત્રિકાળ કારણસ્વભાવદર્શન-ઉપયોગ અથવા ત્રિકાળી સહજ-સ્વરૂપશ્રદ્ધાન —આ નિશ્ચયનયનો વિષય છે. ૩. કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ ૪. કાર્યસ્વભાવદર્શન-ઉપયોગ —આ વ્યવહાર-નયનો વિષય છે.

તેમાં શુદ્ધ નિશ્ચયનયના વિષયનું અવલંબન કરવું તે જ મોક્ષનું કારણ છે. એ ચાર પ્રકાર કહ્યા તે સ્વભાવરૂપ છે.

આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શન-ઉપયોગ કહ્યો. વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં ( ૧૪મી ગાથામાં ) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.

સ્વભાવદર્શન-ઉપયોગની સાથે સ્વરૂપશ્રદ્ધાને પણ સમાવી દીધી છે, જોકે શ્રદ્ધા અને દર્શન-ઉપયોગનું લક્ષણ જુદું છે, પણ બંને સામાન્યરૂપ છે, માટે અહીં દર્શન-ઉપયોગમાં શ્રદ્ધાને પણ સમાવી દીધી છે. જીવનો આવો સ્વભાવ છે.

" જીવ ઉપયોગમય છે " તેનું આ વર્ણન ચાલે છે. આત્મા ત્રિકાળી દ્રવ્ય છે, ચેતના ત્રિકાળગુણ છે, ને કારણ-ઉપયોગ તે ત્રિકાળી પર્યાય છે. કાર્ય-ઉપયોગ તે પરિણમનરૂપ પર્યાય છે.

હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :—

[ શ્લોકાર્થ :— ] દૃશિ–જ્ઞપ્તિ–વૃત્તિસ્વરૂપ ( દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું ) એવું જે એક જ ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને ( મોક્ષનો ) પ્રસિદ્ધ માર્ગ છે; આ માર્ગ વિના મોક્ષ નથી. ૨૩.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પર્યાયવાળો અભેદ આત્મા તે જ મોક્ષનો માર્ગ છે, અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ જે ત્રિકાળી એકરૂપ ચૈતન્ય સામાન્ય આત્મતત્ત્વ તે જ મોક્ષનો માર્ગ છે. જે ત્રિકાળ દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ આત્મા છે અને તે મોક્ષાર્થી-ઓને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. મુમુક્ષુઓને આ માર્ગ પ્રસિદ્ધ છે. આ સિવાય બીજા માર્ગે મોક્ષ નથી.

હવે અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચનારૂપ સૂત્ર કહે છે :—

ચક્ષુ, અચક્ષુ, અવધિ–ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ–એ બે ભેદ છે પર્યાયના. ૧૪.

અર્થ :—ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યાં છે, પર્યાય દ્વિવિધ છે : સ્વપરાપેક્ષ ( સ્વને પરની અપેક્ષા યુક્ત ) અને નિરપેક્ષ. ૧૪.

" આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની સૂચના છે."

" જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ( જીવ ) મૂર્ત વસ્તુને જાણે છે."

મતિજ્ઞાનથી અંતરના સ્વસંવેદનમાં આત્મા વળે તે વાત અહીં ગૌણ છે; પણ અહીં તો પરને જાણવાની અપેક્ષાએ વાત છે. સમ્યક્-મતિ-શ્રુતજ્ઞાન તો આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરે છે.

૧. સ્વરૂપને સ્વસંવેદન પ્રત્યક્ષ કરે અને

૨. મૂર્ત-અમૂર્ત બંનેને પણ જાણે એવું સમ્યક્ મતિજ્ઞાન છે, પણ અહીં દર્શન-ઉપયોગનું ...સ્વરૂપ સમજાવવું છે, તેથી મતિજ્ઞાનને પણ મૂર્તને જ જાણનારું કહ્યું છે, તેની જેમ ચક્ષુદર્શન-ઉપયોગથી જીવ મૂર્ત પદાર્થને દેખે છે.

"જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુ સમૂહને પરોક્ષ રીતે જાણે છે. તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય વિષયોને દેખે છે."

અહીં ઇન્દ્રિયોના વિષયની વાત લીધી છે. મનથી પણ અચક્ષુદર્શન-ઉપયોગ થાય છે, પણ અહીં તો ત્રિકાળી કારણસ્વભાવનો મહિમા બતાવવા માટે ચક્ષુ-અચક્ષુદર્શનને બહુ સ્થૂળ વર્ણવ્યા છે.

"જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શુદ્ધ પુદ્ગલ પર્યંત (-પરમાણુ સુધીના) મૂર્ત દ્રવ્યને જાણે છે, તેમ અવધિ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે." અવધિજ્ઞાન ઉદય અને ક્ષયોપશમભાવને જાણે છે, પણ અહીં પરમાણુને જાણે છે તેટલી વાત લીધી છે.

ભગવાનને કેવળજ્ઞાન સાથે વર્તતો જે કેવળદર્શન-ઉપયોગ છે તે સ્વભાવ છે, ને ચક્ષુ--અચક્ષુ-અવધિ દર્શન તે વિભાવ છે.

ઉપર પ્રમાણે ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે.

परि समन्तात् भेदमेति गच्छतीति पर्याय: અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

શુદ્ધ કારણપર્યાયને પણ આ વ્યાખ્યા લાગુ પડશે. તેને પર્યાય કહેવા છતાં તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ત્રિકાળી સામાન્યમાં વર્તમાન વિશેષરૂપ ભેદ પડ્યો માટે તે પણ પર્યાય છે.

પર્યાયનું ગ્રહણ કહ્યું તેમાં સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે, અર્થપર્યાય પણ છે, વાણી અને મનને અગોચર છે, અતિ સૂક્ષ્મ છે. આગમ પ્રમાણથી સ્વીકારવા યોગ્ય તેમ જ છ હાનિ-વૃદ્ધિના ભેદોસહિત છે અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.

આ નિરપેક્ષ સ્વભાવઅર્થપર્યાય છે. તે છએ દ્રવ્યોમાં છે. સૂક્ષ્મ આગમપ્રમાણરૂપ છે.

અશુદ્ધપર્યાય નરનારકાદિ વ્યંજનપર્યાય છે. આમાં સ્વની અને પરની અપેક્ષા આવે છે તેથી તે નિરપેક્ષ પર્યાય નથી, પણ 'સ્વપરાપેક્ષ' વિભાવવ્યંજનપર્યાય છે. વ્યંજન-પર્યાયમાં શુદ્ધ પર્યાય લેવામાં નથી આવતી, એવી આ ટીકાની શૈલી છે.

હવે ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર ત્રણ શ્લોકો કહે છે:—

અર્થ:—પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે. તે પુરુષ પરમ-શ્રીરૂપી કામિનીનો (મુક્તિ સુંદરીનો) વલ્લભ બને છે. ૨૪.

કેવા આત્માને ભજવો તેની ભલામણ કરે છે કે અહો! આત્માની પર્યાયમાં રાગાદિ અશુદ્ધ પરભાવો હોવા છતાં, જે સ્વાભાવિક ગુણમણિની ત્રિકાળ ખાણ છે, ને જે ત્રિકાળી પૂર્ણજ્ઞાનવાળો છે એવા ભગવાન શુદ્ધ આત્માને એકને જ તીક્ષ્ણબુદ્ધિવાળા શુદ્ધદૃષ્ટિ પુરુષો ભજે છે. તીક્ષ્ણબુદ્ધિ તેને કહેવાય કે જ્ઞાનને અંતર્મુખ કરીને ત્રિકાળ ચિદાનંદ શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈને તેને ભજે એવો પુરુષ મોક્ષદશાને પામે છે. શુદ્ધ સ્વભાવરૂપી મુક્તિ પરિણતિને સ્રીની ઉપમા આપી છે, અરે આત્મા! ચામડાની સ્રીનો વલ્લભ થવા કરતાં ચૈતન્યની ભાવના કરીને આ મુક્તિરૂપી સુંદર સ્રીનો વલ્લભ થા. તો તે મુક્તિનો સાદિ અનંતકાળ સુધી વિયોગ ન થાય. તીક્ષ્ણ બુદ્ધિથી ત્રિકાળ ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં જે મોક્ષપર્યાય પ્રગટે તેનો કદી વિરહ થતો નથી. ઇન્દ્રને ઇન્દ્રાણીનો વિરહ પડે, પણ આત્માને મુક્તિસુંદરીનો વિરહ કદી ન પડે.

જે સમયમાં આ ટીકા રચાઈ છે તે વખતે અનેક રાજાઓ સ્રીના કારણે પરસ્પર લડાઈ લડી લડીને મરતા હતા, તેથી અહીં ટીકાકારે સહજપણે મુક્તિસુંદરીને સ્રીની ઉપમા આપીને વર્ણન કર્યું છે. અરે જીવ! બહારની સ્રીને ખાતર મરે છે, તો અંદરમાં તારા ચૈતન્યનો આશ્રય કરીને મુક્તિરૂપી સુંદરીનો વલ્લભ થા, તો સાદિ-અનંત તેના સુખનો ભોગવટો રહ્યા કરે, ને કદી તેનો વિરહ ન પડે; જગતની સ્રીનો તો વિયોગ થાય ને ફરી અનંતકાળે પણ પાછો સંયોગ ન થાય, ને આ મોક્ષરૂપી સ્રી એવી છે કે સાદિ અનંતકાળે પણ તેનો વિરહ કદી ન થાય.

[શ્લોકાર્થ:—] એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદય-કમળમાં કારણ-આત્મા વિરાજે છે. પોતાથી ઉત્પન્ન એવા તે પરમ બ્રહ્મરૂપ સમય-સારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—હે ભવ્ય શાર્દૂલ (ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ; તું તે છે. ૨૫.

મતિજ્ઞાનાદિ વિભાવગુણ, ચક્ષુદર્શનાદિ વિભાવગુણ અને રાગાદિ પરભાવ–એવા પર ગુણપર્યાયો હોવા છતાં સાધક ઉત્તમ પુરુષોની દૃષ્ટિમાં તો ભગવાન કારણપરમાત્મા બિરાજે છે. સાધક છે એટલે બંને વાત મૂકી છે.

૧. ત્રિકાળ કારણ-આત્મા ઉપર જ દૃષ્ટિ પડી છે એટલે તેમના હૃદય-કમળમાં કારણ-આત્મા જ બિરાજે છે, અને

૨. પર્યાયમાં પરભાવો પણ છે, જેની દૃષ્ટિમાં કારણ-આત્મા બિરાજે છે, તે જ ખરેખર ઉત્તમ પુરુષ છે.

"પોતાથી ઉત્પન્ન એવા ને પરમ બ્રહ્મસ્વરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—હે ભવ્ય શાર્દૂલ ( ઉત્તમોત્તમ ), તું શીઘ્ર ભજ; તું તે છે."

પોતાથી ઉત્પન્ન એનો અર્થ એમ છે કે પોતાથી જ ત્રિકાળ છે, કોઈએ તેને બનાવ્યો નથી. પોતે પરબ્રહ્મસ્વરૂપ સમયસાર છે, તેને તું ભજી તો રહ્યો છે, પણ હવે તું તેને શીઘ્ર ભજ! ઉગ્રપણે ભજ! સાધકદશા તો છે પણ ઉગ્રપણે કારણ-પરમાત્મામાં લીન થા! તું પોતે જ તે કારણ-સમયસાર છે, તેને જ તું શીઘ્ર ભજ! ઉગ્રપણે ભજ! આમાં પોતે પોતાના આત્માને પણ સંબોધન કર્યું કે હે આત્મા! તું પોતાના જે કારણ-સમયસારને ભજે છે તેને શીઘ્ર ઉગ્રપણે ભજ! જે જીવ કારણ-સમયસારને ભજે છે–તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરે છે–તેને અહીં ભવ્ય શાર્દૂલ કહ્યો છે.

[શ્લોકાર્થ:— ] જીવતત્ત્વ ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે–દેખાય છે, ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે, અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું. ૨૬.

આવા ગુણ–પર્યાયોથી હોવા છતાં–એટલે પર્યાયમાં શુદ્ધ–અશુદ્ધ પર્યાયના પ્રકારોથી સહિત હોવા છતાં,—જે તે બધાથી રહિત છે એવા ત્રિકાળી એકરૂપ નિરપેક્ષ જીવતત્ત્વને જ હું સદા નમું છું, તેને જ ભાવું છું. શુદ્ધ-અશુદ્ધપર્યાય ઉપર લક્ષ નથી માટે કહ્યું કે તેનાથી ત્રિકાળી આત્મતત્ત્વ રહિત છે. પર્યાયમાં શુદ્ધતા–અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યદૃષ્ટિથી તો જીવતત્ત્વ તેનાથી રહિત છે–એવા શુદ્ધ જીવતત્ત્વને જ હું મારી મુક્તિને માટે સદા નમું છું–ભાવું છું, આવા આત્માના શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતારૂપ ભાવના તે જ મુક્તિનું કારણ થાય છે. (ક્રમશઃ)

—*—

# ❋ તું તારું ધ્યાન રાખ ❋

'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે? આટલું ધ્યાન તું તારામાં લગાડી દે. ૩૪૦.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**"'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે?"**

આનું કરવું, આનું કરવું—બાયડીનું કરવું, છોકરાનું કરવું, છોડિયુંનું કરવું, વેપારનું કરવું, નાતનું કરવું, ગામનું કરવું, દેશનું કરવું—એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે?

બીજાને ધર્મ સમજાવી દઉં, મંદિર બનાવું, ભક્તિ કરું, યાત્રા કરું, શિષ્યોને ભણાવું—એમ તારું ચિત્ત બહારમાં કેમ ભમે છે? અહા! વીતરાગનો માર્ગ આકરો છે.

**'આટલું ધ્યાન તું તારામાં લગાડી દે'**

આ કરું ને તે કરું, દીકરાનાં લગ્ન કરું ને નાતમાં બેડાનું લહાણુ કરું, દાન આપું, દયા પાળું ને દાન આપું, દવાખાનાં ખોલું ને ગરીબોને લૂગડાં આપું—એમ તારું મન બહારમાં ચોંટ્યું છે. તું એમાં રોકાઈ જાય છે, તેને બદલે એટલું ધ્યાન તું તારામાં લગાડી દે ને. તારી વર્તમાન પર્યાયમાં ધ્યાનનું ધ્યેય નિજ આત્મા બનાવી દે ને. અરે, આવો ઉપદેશ! સંપ્રદાયમાં ચાલતી વાતોથી આ વાત સાવ જુદી જ છે. યાત્રા નિમિત્તે ત્રણ વાર દસ-દસ હજાર માઈલ ફર્યા છીએ, આખું હિન્દુસ્તાન જોઈ લીધું છે. જ્યાં ગયા ત્યાં બધેય બહારની વાતો છે; ગજરથ કાઢો, સાજન-મહાજન સહિત મોટા વરઘોડા કાઢો, મોટી મોટી ઉછામણી બોલો—એમ બહારમાં ધર્મ મનાવી દીધો છે. પૈસા ખરચનાર પણ એમ માને કે આપણે ધર્મ કર્યો. ભાઈ! એમાં ધૂળેય ધર્મ નથી. આત્માનો ધર્મ આત્મામાં હોય કે બહારની હોહામાં? તારું ચિત્ત બહાર આર્તધ્યાન ને રૌદ્રધ્યાનમાં રોકાઈ ગયું છે, હવે ત્યાંથી પાછો વળ અને આત્માની સમજણ કરી તેને તારા આત્મામાં લગાડી દે.

સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત સમૃદ્ધિથી ભરચક જ્ઞાયકદેવ અંતરમાં બિરાજે છે ત્યાં તારું ધ્યાન લગાડી દે. અરેરે! જીવને પોતાનું હિત કરવા માટે નવરાશ નથી. ૨૪ કલાકમાંથી ૨૨ કલાક તો વેપાર ને વિષયમાં જાય; એક-બે કલાક માંડ વખત મળે ને સાધુ પાસે સાંભળવા જાય, ત્યાં 'આ કરો ને તે કરો' એમ ઊંધી વાતોમાં એનો વખત

લૂંટાઈ જાય. અહા! આ વાત જરા આકરી છે; જન્મ-મરણનો અંત લાવવાની આ વાત છે. ભાઈ! અનાદિ કાળથી જન્મ-મરણનાં દુઃખ સહન કરીને તું હેરાન-હેરાન થઈ ગયો, હવે તો એ ભયંકર દુઃખોથી છૂટવાનો આરો શોધ! સર્વ વિભાવથી રહિત અંદર આનંદનો નાથ જ્ઞાયકદેવ બિરાજે છે તેને ઓળખીને ગ્રહણ કર, ત્યાં તારું ધ્યાન લગાડી દે, તારાં દુઃખોનો અંત આવી જશે.

એક કંદોઈની દુકાને છાપરા પરથી મોટો સર્પ પડ્યો — તેલના ઊકળતા તાવડામાં અને અર્ધો પડ્યો બહાર; કંદોઈએ દયાથી તેને મોટા તાવેથા વડે બહાર કાઢ્યો; પણ પડ્યો ઊલમાં; તે સર્પ એટલો બધો ગભરાયેલો હતો કે કઈ બાજુ ભાગવું તેની સૂઝ ન પડી ને ઊલમાંથી સળગતી ચૂલમાં ગરી ગયો. આખો ને આખો ભઠ્ઠીમાં શેકાઈ ગયો — બળી ગયો! ભઠ્ઠીમાં શેકાવાનું એકલું દુઃખ, દુઃખ ને દુઃખ; એ પ્રમાણે અજ્ઞાની જીવો પણ 'वह राग आग दहे सदा' — રાગની આગમાં દાઝી રહ્યા છે; દુઃખના દાઝયા વધુ ને વધુ વિષયોમાં સુખની આશાએ, દુઃખમાં ગરી રહ્યા છે; ભગવાનની પૂજા કરવી, જીવોની દયા પાળવી, વ્રત પાળવાં, ઉપવાસ કરવા — એ પણ બધી રાગની ક્રિયા છે, એ કાંઈ તારું વિશ્રામ-ઠામ નથી, એ તો સ્વભાવથી વિમુખવૃત્તિ છે; વિશ્રામઠામ તો અંદર રાગરહિત જે જ્ઞાયક પ્રભુ બિરાજે છે તે છે; એની સન્મુખ જા, ને જેથી તારો અનાદિનો દુઃખદાહ ટળી જાય.

જેમ પરને રાગની લગની અનાદિથી લાગી છે, એમ જોરદાર લગની અંદર લગાડ ને. અંતરમાં જ્યાં પૂર્ણાનંદનો નાથ ભગવાન નિજ જ્ઞાયકદેવ બિરાજે છે ત્યાં લગની લગાડ.

શ્રી આનંદઘનજીએ કહ્યું છે તે —

લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મૈં......લાગી૦
કાહૂકે કહે કબહૂં નહીં છૂટે, લોક લાજ સબ ડારી;
જૈસે અમલી અમલ કરત સમે, લાગ રહી જયુ ખુમારી......જિનરાજ૦

'ભગવાન આત્મા જિનરાજ સ્વરૂપ છે' — એમ ગુરુમુખે સાંભળ્યું ને ચડી ગયો સ્વભાવમાં, અંતરમાં સ્વરૂપની ખુમારી ચડી ગઈ, સ્વભાવમાં સમાઈ ગયો. જેમ અફીણિયાને અફીણનો કેફ ચડી જાય છે, તેમ સ્વભાવનું યથાર્થ ગ્રહણ થતાં અંદર સ્વરૂપ-પ્રાપ્તિની ખુમારી ચડી જાય છે. હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યઘન છું — એવા સ્વરૂપ સન્મુખતાના જે પરિણામ થયા, સ્વરૂપમાં જતાં જે મસ્તી ચડી ગઈ, તે પરિણામને 'શુદ્ધ' કહેવામાં આવે છે. શુદ્ધ કહો, મોક્ષનો માર્ગ કહો, સુખ કહો કે જૈનધર્મ કહો — બધું એક જ છે.

## વૈરાગ્ય સમાચાર :-

* રાણપુરનિવાસી શ્રી પાનાચંદ હીરાચંદ શાહ (વર્ષ-૭૨) તા. ૨૨-૪-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બ્રહ્મચારી શ્રી ગુલાબચંદભાઈના માતુશ્રી ઓત્તમબા અજમેરા (વર્ષ-૧૦૪) તા. ૨૩-૪-૮૬ ના રોજ સૂરત મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* મુલુન્ડનિવાસી શ્રી હરકુંવરબહેન વ્રજલાલ ગાંધી (વર્ષ-૬૨) તા. ૨૨-૫-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢ મુકામે મકાન બનાવીને કૃપાળુ ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. તેમની પ્રેરણાથી મુલુન્ડમાં કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ મંડળની સ્થાપના થઈ હતી. સ્વ. શ્રી હીરાચંદભાઈ માસ્તરની બીમારી પ્રસંગે કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્યભીના સંબોધનની કેસેટ - "વૈરાગ્યવાણી" - તેઓ રોજ સાંભળતા હતા. મુમુક્ષુઓ પ્રત્યે ઘણો વાત્સલ્યભાવ હતો. જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક રટણ કરતા કરતા શાંતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા.

* લાઠીનિવાસી શ્રી હિંમતલાલ ભવાનભાઈ શાહ (વર્ષ-૭૦) તા. ૨૩-૫-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* તલોદ નિવાસી શ્રી મંગળદાસ જીવરાજ શાહ તા. ૨૪-૫-૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેર નિવાસી શ્રી દિવાળીબેન જટાશંકર કુલચંદ મહેતા (વર્ષ-૮૭) તા. ૨૮-૫-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી શ્રી ચંદુલાલ વ્રજલાલ મહેતા (વર્ષ-૮૦)—તે શ્રી નાનાલાલભાઈ કાળીદાસ જસાણીના જમાઈ—નું મુંબઈમાં તા. ૨-૬-૮૬ના રોજ દેહાવસાન થયું છે. તેઓ સ્વભાવે શાંત અને દેવ-ગુરુ પ્રત્યે ભક્તિવાળા હતા. તેઓ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવની વાણીનો અવારનવાર લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવ રાજકોટ પધારતા ત્યારે તેઓ મહેમાનોના રસોડામાં સાધર્મીવાત્સલ્યભીની સેવા આપતા હતા. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ હતો.

* કલકત્તા નિવાસી શ્રી ભાનુભાઈ મૂળશંકર દેસાઈના માતુશ્રી સમરતબેન (વર્ષ-૮૬) તા. ૬-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ શાંતિપૂર્વક દેહ છોડયો હતો.

* જામનગર નિવાસી (હાલ-મુંબઈ) શ્રી રજનીકાંત છોટાલાલ પુનાતર (વર્ષ-૫૭) તા. ૬-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી શ્રી સુરેશભાઈના પિતાશ્રી શીવલાલભાઈ નરભેરામ દેસાઈ (વર્ષ-૬૩) તા. ૧૧-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લે છેલ્લે તેઓને સોનગઢ આવવાની તીવ્ર ઝંખના હતી.

* અમદાવાદનિવાસી ચંદ્રાવતીબેન અમૃતલાલ ગાંધી (વર્ષ-૫૯) તા. ૧૧-૬-૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ દિ૦ જૈન મુમુક્ષુમંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ૦ શ્રી મણિલાલ જેઠાલાલ શેઠના જયેષ્ઠ પુત્ર શ્રી વસંતલાલ-બટુકભાઈ (વર્ષ-૫૨)નું હાર્ટ-એટેકથી મુંબઈમાં તા. ૧૧-૬-૮૬ ના રોજ દેહાવસાન થયું છે. તેમને પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે સારો ભક્તિભાવ હતો. શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરના પંચ-કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તેમ જ જન્મજયંતી પ્રસંગે મુંબઈમાં કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન-પધરામણી થતી ત્યારે તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* આસોદર નિવાસી (હાલ-બોરીવલી) શ્રી હલીચંદભાઈ વજલાલ અજમેરાના ધર્મપત્ની શ્રી ધનલક્ષ્મીબેન (વર્ષ-૫૮) તા. ૧૬-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ જમશેદપુર) શ્રી ભારતીબેન અનિલકુમાર ચતુરલાલ ભાયાણી (વર્ષ-૪૫) તા. ૨૯-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચીતલનિવાસી સ્વ. શ્રી નંદલાલ પ્રાગજીભાઈ મહેતાના ધર્મપત્ની જયાબેન (વર્ષ-૬૨) તા. ૨૯-૬-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી (હાલ-માટુંગા) શ્રી અરવિંદભાઈ નંદલાલ પ્રાગજી મહેતા (વર્ષ-૪૫) તા. ૨૯-૬-૮૬ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે અભ્યાસકાળ દરમિયાન સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓએ અવાર-નવાર સોનગઢ આવીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી અધ્યાત્મક-વાણીનો ઘણો લાભ લીધો હતો. તેમને કૃપાળુ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેન શ્રી ચંપાબહેન પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપાથી પ્રાપ્ત આત્મસંસ્કારના બળે તેઓ શીઘ્ર આત્મોન્નતી પામો એ જ ભાવના.

—*—

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરસ સભર ટેપ-પ્રવચન અને ત્યાર બાદ શ્રી પ્રવચનસાર ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્રવાંચન અને જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી શૈલીમાં આધ્યાત્મિક ટેપ પ્રવચન — એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય યથાવત સાધારણ ઠીક છે તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુસમાજને તેમ જ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

* અષાડ સુદ સાતમ, સોમવાર તા. ૧૪-૭-૮૬ થી અષાડ સુદ ૧૫, સોમવાર તા. ૨૧-૭-૮૬ આઠ દિવસ શ્રી નંદીશ્વર આષ્ટાહ્નિકા શાશ્વતપર્વ નવપ્રતિષ્ઠિત શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયમાં 'શ્રી નંદીશ્વર બૃહદ મંડલવિધાનપૂજા' તથા ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઊજવાઈ રહ્યો છે.

* 'વીરશાસનજયંતી'—વિપુલાચલ પર શ્રી મહાવીર ભગવાનની પ્રથમ દેશનાનો ૨૫૪૨ મો વાર્ષિક પાવન પર્વ—અષાડ વદ એકમ, તા. ૨૨-૭-૮૬ ને મંગળવારના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઊજવવામાં આવશે.

### સૂચના :—

* જે મુમુક્ષુમંડળને 'શ્રી દસલક્ષણ પર્યુષણપર્વ' માટે સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તે, 'પ્રચારવિભાગ, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)' સાથે શીઘ્ર પત્ર-વ્યવહાર કરે. વિદ્વાન મોકલવાનો યથાશક્ય પ્રબંધ કરવામાં આવશે.

* સોનગઢથી મુંબઈ જવા માટે — વાયા સુરેન્દ્રનગર — સૌરાષ્ટ્ર મેઈલમાં બે સ્લીપર-બર્થના રીઝર્વેશનનો કોટા છ માસ માટે સોનગઢ સ્ટેશનને ફાળવવામાં આવેલ છે. છ માસ દરમિયાન જો આ રીઝર્વેશનનો સરખો ઉપયોગ થશે તો કાયમી ધોરણે બે સ્લીપર-બર્થના રીઝર્વેશનનો કોટા ફાળવી આપશે.

—*—

પધારજો !......... પધારજો......... જરૂર પધારજો !

અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ સુવર્ણપુરીમાં ઉજવશે

# ※ જન્મજયંતી–મહોત્સવ ※

અત્યંત પ્રસન્નતાપૂર્વક જણાવવાનું કે મુમુક્ષુ સમાજના તારણહાર, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગના પ્રકાશક, આપણા પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પરમભક્ત, સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનની ૭૩મી જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ )ના ઉપલક્ષમાં તા. ૧૭–૮–૮૬ રવિવારથી તા. ૨૧–૮–૮૬ ગુરુવાર ( શ્રાવણ વદ બીજ ) સુધી પાંચ દિવસનો ઉત્સવ ઉજવવાનું અનુપમ સૌભાગ્ય અમને—અખિલભારતીવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદને—પ્રાપ્ત થયું છે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલવિધાન પૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની તાત્ત્વિક વિડિયો-ચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, નંદીશ્વર-પંચકલ્યાણકના વિડિયો-ટેપદર્શન, જિનેન્દ્ર-ભક્તિ, તા. ૨–૮–૮૬થી તા. ૨૧–૮–૮૬ સુધી ચાલનારો ૨૦ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. બધા સાધર્મીઓને આ અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

—નિવેદક

અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ

અધ્યાત્મવિદ્યાધામ સોનગઢમાં

# પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પ્રશમરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૩ મી જન્મજયંતીના મહોત્સવ-પ્રસંગે અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રસારિત અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૨-૮-૮૬ શનિવારથી તા. ૨૧-૮-૮૬ ગુરુવાર સુધી ૨૦ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓને સાદર આમંત્રણ છે.

સૂચના:— (૧) આ શિક્ષણવર્ગ માત્ર પુરુષો માટે રાખવામાં આવ્યો છે. (૨) શિક્ષણાર્થી પુરુષો માટે ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. (૩) પાગરણ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા શ્રી સમયસાર અને પાઠ્યપુસ્તક—દ્રવ્યસંગ્રહ, છ-ઢાળા, પ્રશ્નોત્તરમાળા, લઘુ જૈન સિદ્ધાંત-પ્રવેશિકા (પોતાની પાસે હોય તો) જરૂર સાથે લાવવા. (૪) પ્રત્યેક મુમુક્ષુમંડળોને અનુરોધ છે કે પોતાના ગામના મુમુક્ષુઓને વધુ સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરે અને આવનારની સંખ્યા ટપાલ દ્વારા જણાવે.

Licence NO. 3
'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust,
SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ ખી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજીત પ્રિન્ટરી સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

To,

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012